# જન્મદિને વધામણી



**વાસુ આર ત્રિવેદી**
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨



**ગેબાભાઈ કે પટેલ**
મો. ૯૯૦૪૭ ૮૦૩૪૭



**રાજેન્દ્રકુમાર બી સુરતી**
મો. ૯૮૯૮૧ ૮૫૬૦૦



**રાધેશ્યામ નવનીતરાય ત્રિવેદી**
મો. ૯૮૨૪૬ ૧૨૫૬૯



**પ્રતીક આર વઘાસીયા**
મો. ૯૦૯૯૨ ૯૭૭૦૬



**હેતલ સંજય ત્રિવેદી**
મો. ૯૮૨૫૦ ૪૩૭૩૧



**વેદાંત પુરોહિત**
મો. ૯૮૨૪૧ ૬૬૩૧૯



**પ્રિશા બેન્કર**



**દર્શ પ્રતીકભાઈ રાવલ**
મો. ૯૮૨૫૫ ૨૬૨૭૦







ગાંધીનગર મહાનગર પાલિકાના વૉર્ડ નં. ૭ના નગરસેવક રાકેશ પટેલ અને તેમનાં ધર્મપત્ની નિમિષાબેને રક્ષાબંધન પર્વ નિમિત્તે રક્ષાના બંધનનો વ્યાપક કાર્યક્રમ યોજ્યો હતો. આ દંપતિએ એક જ દિવસમાં ત્રણ સંસ્થાઓમાં જઈને બાળકોને રક્ષાનું બંધન કર્યું હતું. સૅક્ટર-૨૮ ખાતે કાર્યરત સમર્પણ મૂક-બધિર શાળાનાં બાળકો, સૅક્ટર-૧૬માં કાર્યરત અંધ શાળાનાં પ્રજ્ઞાચક્ષુ બાળકો તથા સૅક્ટર-૬માં કાર્યરત ક્રિષ્ના વૃદ્ધાશ્રમનાં વડિલો સાથે મળીને આ દંપતિએ રક્ષાબંધનની ઉજવણી કરી હતી. રક્ષાના બંધન ઉપરાંત તેમણે બાળકો, વડિલોને ગીતો, વાતોથી મનોરંજન પૂરું પાડવાનો પણ પ્રયાસ કર્યો હતો.

## સ્કૂલ ઑફ અચિવર, કુડાસણમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૯

સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ ખાતે રક્ષાબંધનની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સ્કૂલના સૅન્ટ્રલ કૉર્ટયાર્ડમાં દબદબાભેર આ પર્વની ઉજવણી કરી તહેવારના મર્મને ઊંચાઈ બક્ષી હતી. તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો સ્કૂલ યુનિફૉર્મમાં સજ્જ હતા તેથી રક્ષાબંધનની ઝાંખી અભૂતપૂર્વ અને આહ્‌લાદક લાગતી હતી. શિક્ષક પ્રકાશભાઈ પટેલે રક્ષાબંધનનું પૌરાણિક મહત્ત્વ સમજાવી સાંપ્રત સમયમાં પણ તેનું ઔચિત્ય સિદ્ધ કર્યું હતું. સમગ્ર દિવસ રંક્ષાબંધન પર્વના રંગે રંગાયેલો રહ્યો હતો.

સ્કૂલ પરિસરના તમામ સભ્યો રક્ષાબંધનની ઉજવણીમાં સામેલ રહ્યા હતા. વિદ્યાર્થી બહેનોએ વિદ્યાર્થી ભાઈઓ ઉપરાંત પ્રિન્સિપાલ, વહીવટી કર્મચારીઓ તથા સેવક મિત્રોને પણ રાખડી બાંધી કાર્યક્રમને સાર્થક બનાવ્યો હતો.



ઍસજી અંગ્રેજી માધ્યમની સ્કૂલના વિદ્યાર્થીઓએ જિલ્લા કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. શાળા પરિવારે આ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રૂસ્તમ
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૨**
મોહેંજો દરો
૧.૦૦, ૪.૦૦,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
રૂસ્તમ
૨.૧૫, ૮.૩૦
મોહેંજો દરો
૧૧.૧૫, ૫.૧૫

**સ્ક્રીન-૪**
મોહેંજો દરો
સવારે ૧૦.૦૦
ઢીશૂમ
૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
મોહેંજો દરો
૨.૩૦, ૮.૩૦
રૂસ્તમ
૧૧.૦૦, ૫.૩૦



ભાઈ-બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધનની ઉજવણીમાં ગાંધીનગર શહેરમાં હાલમાં વસેલા વિદેશી વિદ્યાર્થીઓ પણ ભાવપૂર્વક જોડાયા હતા. એએફએસ સ્ટુડન્ટ ઍક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત ગાંધીનગર આવીને વસેલા ઈટલીના બે વિદ્યાર્થીઓ - આના અને આલેઝાન્દ્રોએ ભારતીય ચાલ મુજબ રક્ષાબંધન પર્વની ઉજવણી તો કરી જ હતી, પરંતુ સાથે-સાથે પોતાના વતન પરત જઈને પણ પોતે આ પર્વની ઉજવણી પરિવારજનો, સ્નેહીઓ સાથે કરશે એવો નિર્ધાર પણ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે બંને વિદ્યાર્થીઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ સ્કૂલમાં અભ્યાસ કરે છે અને એક વર્ષ માટે ગાંધીનગર શહેરમાં આવીને વસ્યા છે.

## સૅક્ટર-૭ બીના વસાહતીઓ દ્વારા ઘરઆંગણે સ્વતંત્રતા દિન ઉજવાયો



**બાળકોને ઉજવણીમાં સામેલ કરાયાં અને એમના માટે રમતોનું આયોજન કરાયું : વસાહતીઓએ સપરિવાર રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી**

સૅક્ટર-૭ બીના વસાહતીઓ દ્વારા સ્વતંત્રતા પર્વની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. વસાહતમાં જ તેમણે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને વસાહતીઓ સપરિવાર આ ઉજવણીમાં સામેલ થયા હતા. ખાસ કરીને પરિવારનાં નાનાં બાળકોને આ ઉજવણીમાં ઉપસ્થિત રાખવામાં આવ્યાં હતાં, જેથી તેમનામાં રાષ્ટ્રીય પર્વની ઉજવણીની ટેવ વિકસે. વિધિવત ધ્વજવંદન કાર્યક્રમ, રાષ્ટ્રગીતના ગાન બાદ બાળકો માટે રમતોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.



લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી સૅક્ટર-૧૬ ખાતે કાર્યરત અંધ શાળા ખાતે કરવામાં આવી હતી. ક્લબનાં સભ્ય બહેનો દ્વારા વિદ્યાર્થીઓને રાખડી બાંધવામાં આવી હતી અને તેમનાં ક્ષેમકુશળ અંગે કામના કરવામાં આવી હતી.

પરમજિત છાબડા દ્વારા તમામ વિદ્યાર્થીઓને પૌષ્ટિક ફૂડ પૅકેટ્સ આપવામાં આવ્યાં હતાં.

ક્લબનાં પ્રમુખ દેવલબેન જોષી, સૅક્રેટરી મીતલ રાણા, વાઈસ પ્રૅસિડેન્ટ મીનાક્ષીબેન જયસિંઘાણી, દક્ષાબેન જાદવ, પરમજિત છાબડા તેમજ સભ્ય બહેનોએ આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતા બક્ષવા જહેમત ઊઠાવી હતી.

# અંતઃકરણથી ઓળખ થાશે, મનના ઘોડા મોડ કબીરા


**ઊર્મિની ઉત્કટ અનુભૂતિને ન રોકી શકાતાં 'છેવટે લખવું પડ્યું'**

જીવનનાં વિવિધ પાસાઓને આવરી લેતી વિવિધ ભાવોમાં અભિવ્યક્ત થતી લેખકના હૃદયભાવની લાગણી જ્યારે એક પ્રકારનો લય લઈને આવે છે ત્યારે આપણને કવિતા મળે છે.

જીવનભર ઘૂંટાયેલી, સચવાયેલી, સંવેદનાઓ આંખનાં આંસુના બદલે ઊર્મિના ઝરણારૂપે પ્રગટે ત્યારે સર્જક કંઈ લખતો નથી પણ નિયતિ જાણે કે તેની પાસે કંઈક લખાવે છે. અને ત્યારે સ્વાભાવિક જ સર્જક એમ કહે છે કે 'છેવટે મારે લખવું પડ્યું', તો તેમાં તેનો શો દોષ? તેથી જ સર્જકથી એમ લખાઈ જાય છે -

ફૂલો વિષે લખું છું,
વૃક્ષો વિશે લખું છું,
ચારે દિશાથી મળતી,
ખુશ્બો વિશે લખું છું.
જે કંઈ હવે લખું છું,
માણસ વિશે લખું છું.
રડતો રહ્યો છું છતાં
નયનો વિશે લખું છું.

કવિ 'નયન' ભરતકુમાર દુર્ગાશંકર પાઠકના ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રગટ થયેલા પ્રથમ કાવ્યસંગ્રહમાં ૭૪ રચનાઓ મળે છે. તેમાં ગીત-ગઝલ, અછાંદસ અને સોનેટ જેવા પ્રકારોમાં કવિએ ખેડાણ કર્યું છે. ધ્રુવભાઈ ત્રિવેદીની પ્રસ્તાવના અને ભાવનગરના વતની હોઈ તખ્તસિંહ પરમારના આશીર્વચન તેમને પ્રાપ્ત થયા છે. ભાવનગરની શિશુવિહાર બુધસભા અને ગાંધીનગર સાહિત્ય સભામાં ઉપસ્થિત રહેનાર ભરતભાઈની રચનાઓ અનેક સામયિકોમાં પ્રગટ થતી રહી છે. મૃદુ અને મળતાવડા સ્વભાવના ભરતભાઈ મળે તેના મિત્ર બની જાય તેવા છે. તેથી જ એ આમ કહી શકે -





જીવન ઝળહળ કરવા માટે
કાળપ તારી છોડ કબીરા





અંતઃકરણથી ઓળખ થાશે
મનના ઘોડા મોડ કબીરા

દરેક વર્ગના ભાવકને ગમી જાય તેવી વૈવિધ્યપૂર્ણ કાવ્યરચનાઓ આપવા બદલ કવિને અભિનંદન પાઠવું છું.

**નવોદિત સર્જક વંદન રાવલની રહસ્યમય વિજ્ઞાનકથારૂપે આલેખાતી નવલકથા : સમય**

ગુજરાતી વાચકોમાં લોકપ્રિય એવા સાહિત્યપ્રકારમાં રહસ્યમય વિજ્ઞાનકથા જેવા વિષય પર ખૂબ ઓછી લખાતી નવલકથા ક્ષેત્રે વંદન રાવલ દ્વારા લખાયેલ અને પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ દ્વારા પ્રગટ થયેલ નવલકથા 'સમય'ની વાત આજે કરવી છે. બધા જ કાલ્પનિક પ્રસંગોને લેખકે સરસ રીતે ગૂંથ્યા છે. નવલનો ઉઘાડ પ્રશંસાને પાત્ર છે, તેમાં લેખકની સર્જકતા ધ્યાન ખેંચે છે. તેમાં ભાવકને કોઈ પ્રશિષ્ટ નવલકથા વાંચી રહ્યાની અનુભૂતિ થયા વિના રહેશે નહીં. આ માત્ર રહસ્યકથા જ નથી, પણ વિજ્ઞાનકથા અને ફૅન્ટસી પણ છે.

અહીં સમયના ચક્રના અવળા-સવળા આંટા વાર્તાને દિલધડક અને રહસ્યમય બનાવે છે. લેખકનો રાષ્ટ્રવાદ પણ અહીં મુખર રીતે પ્રગટ થાય છે. ધારદાર સંવાદો તો છે જ, તેમ કથન-વર્ણનમાં પણ આ નવોદિત સર્જકે શક્તિનું પ્રમાણ આપ્યું છે. કથા જેમ આગળ વધતી જાય છે તેમ ઘટનાતત્ત્વ હાવી થતું જાય છે. પ્રસ્તાવના આપનાર કલ્પેશ પટેલ લખે છે કે લેખકે પોતાની રીતે કથાના તાણાવાણા ગૂંથ્યા છે. પ્રથમ પુરુષ એકવચનનું કથનકેન્દ્ર પસંદ કર્યું હોવાથી કથા રસપ્રદ અને પ્રતીતિકર બની છે. 'બાળ કવિ સંમેલન'માં રાજ્યકક્ષાએ સન્માનિત ιવસર્જકને આવી સરસ નવલકથા આપવા બદલ ધન્યવાદ પાઠવું છું.

**- નટવર હેડાઉ**